**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૪ એપ્રિલ ૨૦૦૯**

## 'વિક્રમી મતોથી વિજયી થાવ' – શ્રી રામ નાઈક ને શ્રી બાળાસાહેબ ઠાકરે નાં આશીર્વાદ

**મુંબઈ,શનિવાર :** શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે એ આજે લોકસભા ચૂંટણી ના વિજય માટે શ્રી રામ નાઈક ને આશીર્વાદ આપ્યા.ભાજપ-શિવસેના યુતીના ઉત્તર મુંબઈનાં ઉમેદવાર તરીકે સાતમી ચૂંટણી લડી રહેલાં શ્રી રામ નાઈક આ ચૂંટણી માટે શ્રી બાળાસાહેબ ઠાકરેનાં આશીર્વાદ લેવા માટે 'માતોશ્રી' પર ગયાં હતાં, તે વેળાં શ્રી ઠાકરેએ હવે 'વિક્રમી મતોથી યશ પ્રાપ્ત કરી વિજયી થાવ' એ મુજબનાં શબ્દો વડે પોતાનાં આશીર્વાદ આપ્યાં. આ પ્રસંગે શિવસેના નાં કાર્યાધ્યક્ષ શ્રી ઉધ્ધવ ઠાકરે તેમજ ઉત્તર-મધ્ય મુંબઈનાં ભાજપ-શિવસેના યુતીના ઉમેદવાર શ્રી મહેશ જેઠમલાની પણ હાજર હતાં.

એક મનથી ભાજપ કાર્યકર્તા અને શિવસૈનિક ઉત્તર મુંબઇ ખાતે કામે લાગ્યાં છે. શિવસેનામાંથી ફુટેલા અને કોંગ્રેસમાં ગયેલાં શ્રી સંજય નિરૂપમ અને મનસેમાં દાખલ થયેલાં શ્રી શિરીષ પારકર ને સબક શિખવવાનો નિશ્ચય સર્વેએ કરેલ છે. "ઉત્તર મુંબઈ એ કાયમ ભાજપ-શિવસેના યુતી નો ગઢ રહ્યો છે. આપનાં આશીર્વાદ, મારૂં કામ અને કાર્યકર્તાનું જોરદાર મનોબળ પ્રાપ્ત થવાથી મતદાર ફરી એક વખત યુતી ની તરફેણ માં મતદાન કરશે" એવો વિશ્વાસ આ પ્રસંગે શ્રી રામ નાઈકે શ્રી ઠાકરે પાસે વ્યકત કર્યો છે.

શ્રી રામ નાઈક ની સાથે ભાજપ-મુંબઈનાં અધ્યક્ષ શ્રી ગોપાળ શેટ્ટી, ઉપાધ્યક્ષદ્વય શ્રી જયપ્રકાશ ઠાકૂર અને શ્રી રમેશ મેઢેકર, મહામંત્રી શ્રી અતુલ ભાતખળકર, શિવસેના વિભાગ પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર, ભાજપ ઉત્તર મુંબઈનાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગર,મંત્રી શ્રી વિનોદ શેલાર ઉપસ્થિત હતાં. ઉત્તર-મધ્ય મુંબઈનાં યુતી નાં ઉમેદવાર શ્રી મહેશ જેઠમલાની પણ શ્રી બાળાસાહેબ ઠાકરેનું અભિવાદન કરવા માટે આવ્યાં હતાં. તેમની સાથે ઉત્તર-મધ્ય મુંબઈ ભાજપનાં અધ્યક્ષ ઍડ.આશિષ શેલાર અને માજી નગરસેવક શ્રી પરાગ અળવણી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો : ૯૮૬૭૬૮૯૫૪૦**